SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# સંવાદિતાના માધ્યમ તરીકે ભાષા અને સાહિત્ય

*પ્રા. વર્ષાબેન જે. રોહિત*

માનવજીવનનો અનિવાર્ય ભાગ છે ભાષા. ભાષા વડે માનવના સઘળા વ્યવહારો ચાલે છે. એકબીજા સાથે સંપર્કમાં રહેવા, જ્ઞાન પ્રાપ્ત કરવા, પોતાના મનની વાત કે લાગણી વ્યક્ત કરવા, વિચારવા, સંદેશા વ્યવહાર કરવા માટે ભાષા સિવાય બીજું કોઈ સાધન માનવ પાસે નથી. ભાષા વડે તે અન્ય સાથે સંવાદ સાધે છે. સમ+વાદ શબ્દો વડે બનેલા સંવાદ શબ્દમાં સમાનતાનો અર્થ સૂચવાઈ જાય છે. ભાવવાચક પ્રત્યય 'તા' લાગીને બનેલો 'સંવાદિતા' એ એવો શબ્દ છે જેના વિના જીવન શક્ય ન બને. સંવાદિતા- હાર્મની એ પ્રકૃતિના કણેકણમાં જોવા મળતી વસ્તુ છે. ભાષા પોતે પણ વ્યંજન અને સ્વર, શબ્દ અને અર્થના તાલમેલથી કામ કરે છે. અંગ્રેજી શબ્દ 'હાર્મની'નો કોશગત અર્થ છે 'સંવાદિતા', સુમેળ, એકવાક્યતા, સંપ, સુમધુર સ્વર. ( ઓક્સફર્ડ ડિક્શનરી,યુનિવર્સિટી પ્રેસ, આવૃત્તિ-૩૫, પૃ.૩૬૬).

પ્રકૃતિ, શરીર, મન કે સમાજમાં સુમેળ કે સંવાદિતા બગડે ત્યારે સંતુલન બગડે છે. ફિલ્મ કે સાહિત્ય એ બગડેલા સંતુલનને ઠીક કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આથી જ સાહિત્ય સમાજનું દર્પણ કહેવાય છે. એ સમાજની જે તે સ્થિતિને પ્રતિબિમ્બિત કરી તેનાં કારણો અને સમાધાન તરફ અંગુલિનિર્દેશ કરી આપે છે. સાહિત્ય એ રીતે સામાજિક સંવાદિતા સ્થાપવા માટે મહત્વનું કાર્ય કરે છે.

સંવાદિતા આમ જોઈએ તો સામાન્ય રીતે બે પ્રકારની ગણાવી શકાય. જાત સાથેની સંવાદિતા અને જગત સાથેની સંવાદિતા. જ્યાં સુધી વ્યક્તિ પોતાની જાત સાથે સંવાદ ન સાધી શકે તે બહારના જગત સાથે સંવાદિતા સાધી શકતો નથી. નરસિંહ મહેતા(મધ્યકાલીન સાહિત્ય)થી માંડીને દલિત સાહિત્ય (આધુનિક સાહિત્ય)સુધી ગુજરાતી સાહિત્યમાં એવી ઘણી કૃતિઓ છે જે માનવના પોતાની જાતના એક પાસા સાથેના સંઘર્ષની અથવા અન્ય સાથેના અનિવાર્ય સંઘર્ષ અને અંતે આવતા સુમેળની વાત કરતી હોય. જયારે કોઈ પણ અણગમતી, અણધારી પરિસ્થિતિનો સામનો કરવો પડે ત્યારે પોતાની સાથે સર્વ પ્રથમ સંવાદ સાધવો પડે અને આવા વિષયોને લગતા આલેખનો ભાવક સુધી પહોંચે ત્યારે ઘણીવાર તે વાસ્તવિક જીવનમાં માર્ગદર્શક બનતા હોય છે. સાહિત્ય નૈતિક મૂલ્યોનું વાહક છે. માનવે સંચિત કરેલા જ્ઞાનનું રક્ષક અને વાહક છે. સાચું જ્ઞાન વ્યક્તિને હંમેશા સમાજના સુખનો, વૈશ્વિક સંવાદિતાનો માર્ગ બતાવે છે. માનવ વિશ્વના કોઈ પણ ખૂણે વસતો હોય, તેની ભાષા ગમે તે હોય પણ સાહજિક રીતે તમામ મનુષ્યો સમાન છે. આથી સાહિત્યની કેટલીક કૃતિઓ કાલજયી બનવાની સાથે સમયના સીમાડા ભૂંસી નાંખે છે. એવાં પાત્રો વિષે વાંચતા વિચારતા સહૃદય ભાવકને એવું લાગે કે કદાચ એની જગ્યાએ અન્ય કોઈ પણ હોત તો એણે આ જ કર્યું હોત અથવા એવા સમયે કોઈ પણ વ્યક્તિએ શું કરવું જોઈએ જેથી સમાજની સ્થિરતા, સંતુલન ટકી રહે, કે પછી એમના માટે ઉદાહરણરૂપ બની શકાય એ બાબત સાહિત્ય ચીંધે છે. ગુજરાતી ભાષામાં ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર',પન્નાલાલ પટેલની 'વળામણાં', 'માનવીની

ભવાઈ', ધીરુબેન પટેલની 'કાદમ્બરીની મા', વાંસનો અંકુર', જયંત પાઠકની 'વનાંચલ' કે ગાંધીજીની 'સત્યના પ્રયોગો' દર્શકની ' ઝેર તો પીધાં છે જાણી જાણી' કે અન્ય પ્રશિષ્ટ કૃતિઓ કથા કે પાત્રફેર સાથે જીવનની પગદંડી તરફ ઈશારો કરે છે. કેટલાંક પાત્રો ભાવકોમાં અમર થઇ તેમનેપ્રેર્યા કરતાં હોય છે. કૃતિ કોઈ પણ ભાષાની હોય તે સમાજમાં પથપ્રદર્શન કરવાનું અને એ રીતે સામાજિક સૌહાર્દ સાધવાનું કાર્ય બજાવતી રહે છે. ભારતના મહાકાવ્યોનાં મુખ્ય પાત્રો આજે પણ સમાજ માટે દીવાદાંડી રૂપ છે. આદર્શોની મશાલ પોતાનો હાથ બળે ત્યાં સુધી પકડી રાખીને સાહિત્ય જ્ઞાનનું અજવાળું પાથરે છે. સાહિત્ય કૃતિઓ કાન્તાસંમિત ઉપદેશની જેમ જરૂરી શિક્ષણ આપી દે છે. વ્યક્તિ જાણે - સમજે નહીં એ રીતે સમાજના સર્વ લોકો સુખેથી જીવી શકે તે પ્રકારના સંસ્કાર સાહિત્યનું પરિશીલન કરનાર પામે છે. જેમ કે, ગામડાનાં પરિસરને વ્યક્ત કરતી 'વળામણાં' કૃતિના નાયક મનોરદા થોડા પૈસાની લાલચથી ઝમકુંને અમદાવાદ જઈ વેચી દેવાની ફિરાકમાં હોય છે. ઘણા પ્રયત્નો છતાં તે એમ નથી કરી શકતા અને તેને પોતાની સ્વર્ગસ્થ દીકરી નાથુડીની જગ્યા આપી પોતાના ખર્ચે, આર્થિક ખોટ ખાઈને પોતાના ઘેરથી વળાવે છે. ઘણા સંઘર્ષ પછી પોતાની જાતની વાત સાંભળી, સમજીને એનો અમલ કરનાર મનોરદા જાતની સાથે સામાજિક સંવાદિતા પણ સાધે છે. મનોરદાનું હૃદય પરિવર્તન કૃતિને સાહિત્યિક કૃતિનો દરજ્જો આપે છે. 'કાદમ્બરીની મા' કૃતિ કાદમ્બરી જેવી કેટલીય સ્ત્રીઓને નરકમાંથી નીકળી જીવતા શીખવતી હશે. 'વાંસનો અંકુર' કૃતિનો નાયક કેશવ કેટલા ય મનોસંઘર્ષમાંથી પસાર થયા પછી યોગ્ય નિર્ણયની દિશા પામે છે. 'વનાંચલ' જેવી કૃતિઓ લેખકના પ્રકૃતિ સાથેના સૌહાર્દ, તાલમેલનું દર્શન કરાવે છે. જાત અને જગત સાથે કુદરત કે પ્રકૃતિ માનવ માટે ઘણી અગત્યની છે એવો અહેસાસ લેખકના બચપણના સંસ્મરણો સાંભળતા- વાંચતા જ થઇ આવે. ગાંધીજી કૃત 'સત્યના પ્રયોગો' આજે પણ જીવનમાં સત્યનું શું અવિચલ સ્થાન છે તે તરફ ઈશારો કરે છે. એ માટે એમને વેઠવા પડેલા સંઘર્ષ અને અંતે વિજયની વાત તે માંડે છે. 'માનવીની ભવાઈ' નવલકથામાં કુદરત અને માનવની અસંવાદિતાનાં દર્શન થાય છે. વિસંવાદી પ્રકૃતિ માનવને પોષતી નથી તેમ પ્રતિકૂળ સમયે ગેરલાભ લેતી વ્યક્તિ પણ વિસંવાદી બની મૂલ્યોને પોષતી નથી. આવી કૃતિઓનાં કાળુ-રાજુ, સત્યકામ- રોહિણી કે એવાં અન્ય પાત્રો ઉચ્ચ જીવનધોરણ સ્થાપીને સમાજમાં રાહબર બની રહે છે. કાલ્પનિક કૃતિઓ પણ જીવનના વાસ્તવને ક્યાંક સ્પર્શે તે રીતે રજૂ થાય છે અથવા કથાના ચડાવ ઉતર દ્વારા તે ભાવકના મનમાં રહેલી લાગણીઓનું કેથાર્સિસ(વિરેચન) કરીને તેમને સામાજિક સંવાદિતા સાચવી રાખવાના માધ્યમ બનાવે છે. આમ, સાહિત્ય જગતની કોઈ પણ ભાષામાં લખાયેલું હોય તે કામ તો જે તે સમાજના લોકો વચ્ચે ઐક્ય સાધી એકબીજા સાથે સુમેળપૂર્વક રહી શકે, વિષમ સંજોગોમાં માનવીય મર્યાદાઓને અતિક્રમીને ઉદાહરણ સ્થાપિત કરીને મધુર જીવન કેવી રીતે સ્થાપી શકાય તેનું શિક્ષણ જાણે અજાણે આપતી રહે છે. એ રીતે માનવને વિશ્વમાનવ તરફ ગતિ આપે છે. સાહિત્ય સમાજમાં માનવને પરિવાર,સમાજ, પ્રદેશ, દેશ અને વિશ્વ સાથે સુમેળની દિશા ચીંધે છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સરસ્વતીચંદ્ર' જેવી ઘણી કૃતિઓ ગ્રામકલ્યાણ જેવા વિચારને મિષે વિશ્વ સંવાદિતાની વિચારણા રજૂ કરે છે. આજના સમાજમાં વધી રહેલી વિસંવાદિતાને હળવી કરવામાં સાહિત્ય અને ફિલ્મો માર્ગદર્શક બની શકે છે. પોતાની અંદર ડોકિયું કરીને પોતાના વિચાર, વાણી, વર્તનની સમીક્ષા કરવા પ્રેરે છે. ઘણા નિરાશ થઈને જીવનવિમુખ થયેલા વ્યક્તિઓ કોઈ ગીત કે બોધકથા દ્વારા જીવન તરફ પાછા ફર્યા હોય તેવા પણ પ્રસંગો બનતા હોય છે. સાહિત્યનું પરિશીલન વ્યક્તિને લાગણીશીલ અને સંવેદનશીલ બનાવે છે. બીજાના મન, લાગણીને સમજવાની ક્ષમતા આપે છે. એ ક્ષમતા જ સંવાદિતા સાધવાનું પરિબળ છે. સમાજમાંથી સાહિત્યનું પરિશીલન ઘટે એટલે પ્રજાની વૈચારિક ક્ષમતા અને લાગણીશીલતા ઘટે છે. સાહિત્યનું પરિશીલન સુમેળ અને સંપભર્યા જીવન માટેની જરૂરિયાત છે. લાગણીશીલતા ઘટે અને શુષ્ક બૌદ્ધિકતા વધે ત્યારે સમાજમાં જરૂરથી અસંતુલન સર્જાય છે. સાહિત્ય વ્યક્તિના મનમાં ભીનાશ જાળવી રાખે છે અને સદગુણોને ઉછરવા માટે ફળદ્રુપ મનોભૂમિ

આપે છે. હિન્દી ફિલ્મ ‘અનુરોધ’માં ફિલ્માવાયેલું આનંદ બક્ષી દ્વારા રચાયેલું ગીત “તુમ બેસહારા હો તો કિસી કા સહારા બનો…”, કે નરસિંહ મહેતાનું વૈષ્ણવજન તો તેને રે કહીએ” કે પછી બાળગીતો હોય તે સહુની સાથે મળીને જીવતા શીખવે છે. એકલા રહેવું, એકલા ખાવું, એકલા રમવું પડે એવું ભાગ્ય ન લખવા માટે સર્જક જયારે પ્રાર્થના કરે ત્યારે સંવાદિતાના સૂર સંભળાય છે. સાહિત્ય એ સમજાવે છે કે સંસારમાં રાત- દિવસ, અંધારું-અજવાળું, સારું-ખોટું,સત્ય-અસત્ય એ તમામ સંવાદી રીતે ચાલે છે. સાહિત્ય વ્યક્તિને ઉજાસની ઉજાણી સાથે અંધકારની મર્યાદા રાખતા પણ શીખવે છે. એકના હોવા માટે બીજાનું હોવું જરૂરી છે એ વાત સમજવી આજના સમયના માનવની જરૂરિયાત છે. એકબીજાના સહઅસ્તિત્વનો સ્વીકાર અને આદર સંવાદિતાનું પહેલું પગથિયું છે જે સાહિત્ય બાળકોને રમતાં રમતાં શીખવે છે અને મોટાઓને મિત્રભાવે શીખવે છે. સાહિત્ય પ્રેમ કરતાં શીખવે છે. પ્રેમ સમજતા શીખવે છે. પ્રેમ વિના સંવાદિતા કે શાંતિ શક્ય નથી. સાહિત્ય માણસની અંદર માનવમૂલ્યોની, સહનશીલતાની, સંવેદનશીલતાની જડ મજબૂતીથી નાંખે છે માટે સાહિત્ય સંવાદિતાનું ઉત્તમ માધ્યમ છે.

સંદર્ભગ્રંથ

1. ઓક્સફર્ડ ડિક્શનરી, યુનિવર્સિટી પ્રેસ, આવૃત્તિ - ૩૫,